અપીલ અરજી નં.૧૮૬ તા.૧૪–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રમેશચંદ્ર મંગળદાસ માલી

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશચંદ્ર મંગળદાસ માલીની તા.૨૭–૭–૦૯ ની અરજીથી (૧) વાંધા અરજીના સંદર્ભમાં કમિશનરશ્રી, ડાયરેકટર ઓફ ટાઉન પ્લાનીંગશ્રી તથા શહેર વિકાસ અધિકારીશ્રી તપાસ દરમ્યાન જે કંઈ શેરાઓ મારયા હોય તે તમામની નકલ (૨) વાંધા અરજીની સંદર્ભમાં વકીલશ્રીનો અભિપ્રાય મંગાવેલ તેની નકલ (૩) પ્લોટ નં.૫ અને ૬ ના કબ્જેદારો અગર તો તેમના આર્કી.શ્રીએ કોઈ માલિકી પુરાવા અગરતો કોઈ જવાબ રજુ કરેલ હોય તો તેની નકલ(૪) વાંધાઅરજીના સંદર્ભમાં કોઈ પગલા અગરતો નિર્ણય લેવામાં આવેલ હોય તો તેની નકલ (૫) માલીકી પુરાવા વગર પ્લાન પાસ નથી કરી શકાતો તો અહીં કઈ કલમ હેઠળ કયા પુરાવાને ધ્યાને લઈને પ્લાન પાસ કરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૪–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૮૬/૨૦૦૯–૧૦

શ્રી રમેશચંદ્ર મંગળદાસ માલીની તા.૨૭–૭–૦૯ ની અરજીથી (૧) વાંધા અરજીના સંદર્ભમાં કમિશનરશ્રી, ડાયરેકટર ઓફ ટાઉન પ્લાનીંગશ્રી તથા શહેર વિકાસ અધિકારીશ્રી તપાસ દરમ્યાન જે કંઈ શેરાઓ મારયા હોય તે તમામની નકલ (૨) વાંધા અરજીની સંદર્ભમાં વકીલશ્રીનો અભિપ્રાય મંગાવેલ તેની નકલ (૩) પ્લોટ નં.૫ અને ૬ ના કબ્જેદારો અગર તો તેમના આર્કી.શ્રીએ કોઈ માલિકી પુરાવા અગરતો કોઈ જવાબ રજુ કરેલ હોય તો તેની નકલ(૪) વાંધાઅરજીના સંદર્ભમાં કોઈ પગલા અગરતો નિર્ણય લેવામાં આવેલ હોય તો તેની નકલ (૫) માલીકી પુરાવા વગર પ્લાન પાસ નથી કરી શકાતો તો અહીં કઈ કલમ હેઠળ કયા પુરાવાને ધ્યાને લઈ પ્લાન પાસ કરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.વેસ્ટઝોન/૨૭૦ તા.૨૫–૮–૦૯થી મુદ્દા નં.૫ની મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૭૦ તા.૨૨–૯–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા અરજદારને વેસ્ટઝોનના તા.૨૫–૮–૦૯ ના પત્રમાં જણાવેલ ફી ભરી દસ્તાવેજ મેળવેલ છે કે કેમ તથા તે મેળવ્યા બાદ કઈ બાબતે નારાજગી છે તે અંગે પૂરક વિગતો માંગવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૩૦–૯–૦૯ ના પત્રથી મુદ્દા નં.૫ બાબતે સ્પષ્ટતા કરવામાં આવેલ નથી તેવી નારાજગી રજૂ કરવામાં આવેલ. જે મુળ અરજીમાં દર્શાવેલ છે તે સિવાય કોઈ વિશેષ પૂરક વિગતોમાં જણાવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૩૫૬ તા.૩–૧૦–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારની તા.૩૦–૭–૦૯ ની અરજીની નકલ, જુની.ઈજનેરશ્રીએ તા.૧૮–૫–૦૭ થી તા.૮–૪–૦૮ દરમ્યાન તબકકાવાર કરેલ રીપોર્ટની નકલ, કાર્યપાલક ઈજનેરના તા.૪–૪–૦૮ ના હુકમથી શ્રી અરવિંદ જી. અગ્રવાલના સુધારા વધારાના પ્લાનના બાંધકામની વિકાસ પરવાનગી આપેલ છે તેની નકલ, ફોર્મ 'સી' ની નકલ રાંદેર સીટ નં.૧૧ ચાલતા નં.૬૫ ની સીટી સર્વે કચેરી સુરતની નકલ, અરવિંદ જી. અગ્રવાલને કોર્ટ કેસ પેન્ડીંગ હોવાની માહિતી છુપાવવા અંગે સ્પષ્ટતા રજૂ કરતો તા.૪–૧૧–૦૮ નો પત્ર, વિકાસ પરવાનગી આપતો નં.ટીડીઓ/વેસ્ટઝોન/ડીપી/૩૭ તા.૮–૪–૦૮ ની મંજુરીની નકલ, એડવોકેટ શ્રી કમલેશ પટેલને સદર મિલકતના યુનીટ નં.૬ ના કોર્ટ મેટર બાબતે અભિપ્રાય માંગતી પત્રની નકલ, અરવિંદ જી. અગ્રવાલને તા.૨૪–૧૨–૦૮ થી સદર બાબતે પુનઃ પત્ર પાઠવ્યાની નકલ, નગર નિયોજક શહેર વિકાસ તરફથી નં.ટીડીઓ/૩૯૬૮ તા.૨૪–૧૨–૦૮ થી કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોનને પાઠવેલ પત્રની નકલ, જેમાં વકીલની મુલાકાતના કારણની નકલ તથા અરજદારની તા.૧૦–૧૨–૦૮ ની ફરીયાદ અરજીની નકલ, અરવિંદ જી. અગ્રવાલ અને તેમના એડવોકેટે તા.૨૯–૧૨–૦૮ ના રોજ તા.૮–૪–૦૮ ના મંજુર પ્લાન બાબતે સ્પષ્ટતા કરતો પત્ર, અરવિંદ જી. અગ્રવાલની આઈ ડી નં.૩૬૧,૩૬૨ અને ૩૬૩ થી આરટીઆઈ હેઠળ માહિતી માંગતી અરજી તથા તેની રસીદની નકલ, કાર્યપાલક ઈજનેર રાંદેરનો નગર નિયોજક શહેર વિકાસ ખાતાને તા.૫–૧–૦૯ નો બાંધકામ અટકાવવા માટેનો પત્ર, નગર નિયોજક શહેર વિકાસ તરફથી નં.ટીડીઓ/૧૬૦૭ તા.૧૩–૭–૦૯ થી પાઠવેલ પત્રની નકલ, રાંદેરઝોન કાર્યપાલક ઈજનેર તરફથી અરવિંદભાઈ જી. અગ્રવાલને આ.નં.૧૦૨૨ તા.૧૮–૭–૦૯ થી પાઠવેલ પત્રની નકલ, નગર નિયોજક શહેર વિકાસ તરફથી શ્રી અરવિંદભાઈ જી. અગ્રવાલને નં.ટીડીઓ/૨૦૫૫ તા.૧૨–૮–૦૯ થી રૂબરૂ રજૂઆત અંગે પાઠવેલ પત્રની નકલ, રાંદેરઝોન તરફથી મધ્યસ્થ શહેર વિકાસને આ.નં.૧૨૯૯ તા.૧૭–૯–૦૯ થી પાઠવેલ પત્રની નકલ, નોંધ વિભાગ તથા અરજદારને જાહેર માહિતી અધિકારીએ વેસ્ટઝોન/આરટીઆઈસેલ/આ.નં.૨૭૦ તા.૨૫–૮–૦૯ થી અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ, સેન્ટ્રલઝોનમાંથી મધ્યસ્થ શહેર વિકાસ અને વેસ્ટઝોન ને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૪૨ તા.૨૯–૭–૦૯ ની નકલ તથા અરજદારની મુળ અરજીની નકલ રજૂ કેરલ છે.

અરજદારની તા.૨૭–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે કરેલી અરજી સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૪૨ તા.૨૯–૭–૦૯ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ અને કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોનને તબદીલ કરવામાં આવેલ.જે અંગે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી નં.ટીડીઓ/આ.નં.૨૧૮૦ તા.૨૬–૮–૦૯ થી અરજદારને મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી પૂરી પાડવામાં આવેલ અને સદર પત્ર નંબરથી મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક અધિકારી તરફથી નં.ટીડીઓ/આ.નં.૨૧૮૦ તા.૨૬–૮–૦૯ થી મુદ્દા નં.૫ અંગે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અંગે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૨૭૦ તા.૨૫–૮–૦૯ થી અરજદારને પાનાદીઠ રૂ.૨/– ભરી મેળવી માહિતી લેવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે મુદ્દા નં.૫ ની માહિતી બાબતે તા.૨૮–૮–૦૯ ના રોજ પત્ર નં.૨૧૮૦ થી મુદ્દા નં.૫ અંગે માહિતી વેસ્ટઝોનમાં મેળવી લેવા બાબતે અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૫ બાબતે કોઈ જવાબ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી તેથી નારાજ થઈ અપીલ નોંધાવી છે. વધુમાં મુદ્દા નં.૫ માલિકી પુરાવા વગર પ્લાન પાસ કરી શકાય નહી તો અહીં કઈ કલમ હેઠળ કયા પુરાવા ધ્યાને લઈ પ્લાન પાસ કરાવવામાં આવેલ છે તેની વિગત તથા તદ્દન કાયદાથી માન્યતા પ્રાપ્ત ન હોય તેવા પુરાવાઓ માન્ય રાખી ખોટો પ્લાન મંજુર કરવામાં આવેલ છે આવા પુરાવાઓ કાયદાની જે કલમ હેઠળ મંજુર રાખી પ્લાન મંજુર કરેલ હોય તો તે કાયદાના કલમની સ્પષ્ટતા કરતી માહિતી માંગેલ છે. જે અમોને આપવામાં આવેલ નથી તેવી રજૂઆત અરજદારે અપીલ અરજીમાં કરેલ છે. જે બાબતે અરજદારને નં.આરટીઆઈ સેલ/૬૭૦ તા.૨૨–૯–૦૯ ના રોજ ફી ભરી દસ્તાવેજ મેળવેલ કે કેમ તથા તે મેળવ્યા બાદ કઈ બાબતે નારાજગી છે તે અંગે અપીલ તબકકે પત્ર પાઠવી તક આપવા છતાં પણ કોઈ વાજબીપણાની વિગતો અરજદારે રજૂ કરેલ નથી. તેમજ અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા કેટલા પૂરક પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે.

અરજદારે માહિતીના પાત્ર પાંચ મુદ્દા પૂરતી જ અપીલ કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન ધ્વારા આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૩ અને ૫ અનુસાર પાનાની સંખ્યા અને ફી નું પૂરું વિવરણ જણાવતો પત્ર અરજદારને પાઠવ્યાનું જણાતું નથી.

અરજદારનો મુખ્ય મુદ્દો કઈ કલમ હેઠળ અને કયા પુરાવાને ધ્યાનમાં લઈ પ્લાન પાસ કરવામાં આવ્યો તેની માહિતી મેળવવાનો છે. અરજદારે અપીલ તબકકે તેઓ જગ્યાના કાયદેસરના માલિક હોય તેમનું હિત સંકળાયેલું છે તેવી રજૂઆત પણ કરેલ છે. જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોને પૂરક વિગતોમાં અત્રે મોકલેલ નકલો અનુસાર બાબત હેઠળના પ્લાનની મંજુરીની તબકકાવારની કાર્યવાહી થયેલ જણાય છે. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા તેમના નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. અરજદારની અપીલોમાંની તકરાર ધ્યાને લેતાં મુદ્દા નં.૫ થી તેમણે માંગેલ માહિતી પૂરી વિગતે સંતોષકારક પૂરી પડાયાનું બંને પક્ષકારો તરફથી રજૂ થયેલ વિગત પરથી જણાય છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પૂરી પડાયેલી મુદ્દા નં.૫ " કઈ કલમ હેઠળ અને કયા પુરાવાને ધ્યાનમાં લઈ પ્લાન પાસ કરવામાં આવેલ છે. " તેની વિવાદ હેઠળની મિલ્કત પ્લાન મંજુરીની ફાઈલ પરથી દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી.(રાંદેર ઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશચંદ્ર મંગળદાસ માલી